# ફી નિયમન કાયદાના અમલ માટે જિલ્લાના ૯૯ શાળા સંચાલકો સાથે ચાલતું કાઉન્સીલીંગ

## જિલ્લાની ૧૨૫ નોન ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓ અને ૨૯૦ નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ સાથે જિલ્લા શિક્ષણ તંત્ર મેરેથોન કાઉન્સીલીંગ ચલાવી રહ્યું છે : ૨૪મી સુધીમાં સંપન્ન થવાની ધારણા

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં ફી ઘટાડવા માટે ૯૯ જેટલા શાળા સંચાલકો સાથે શિક્ષણમંત્રનું કાઉન્સીલીંગ ચાલી રહ્યુ છે અને કાલે સાંજે અથવા ૨૪મી સુધીમાં તેમાં સારી એવી સફળતા મળશે તેવો વિશ્વાસ તંત્રના અધિકારીઓ વ્યક્ત કરી રહ્યા છે.

મળતી વિગતો મુજબ જિલ્લામાં ૧૨૫ જેટલી નોન ગ્રાન્ટેડ સ્કૂલો અને ૨૯૦ જેટલી નોન ગ્રાન્ટેડ પ્રા. શાળાઓ છે. આ પૈકી ૪૬ જેટલી નોનગ્રાન્ટેડ સ્કૂલો છે તેમની સાથે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા કાઉન્સીલીંગ ચાલી રહ્યું છે.

આ ૪૬ શાળાઓ પૈકી શહેરની પાંચ પ્રા. શાળાઓ આ શાળાઓ સાથે સંલગ્ન હોઈ તેમની ફીના ધોરણનો લઈ પણ કાઉન્સીલીંગ ચાલતુ હોવાનું જાણવા મળેલ છે.

શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે કે જિલ્લાની ૨૯૦ જેટલી નોન ગ્રાન્ટેડ પ્રા. શાળાઓ પૈકી ૫૩ શાળાઓમાં વાર્ષિક રૂ. ૧૫ હજાર કે તેથી વધુ ફી વસુલવામાં આવી રહી છે. આ પ્રા. શાળાઓના સંચાલકો સાથે પણ કાઉન્સીલીંગ અને વાટાઘાટો ચાલી રહી છે.

જિલ્લા કલેક્ટરે પણ આ અંગે તેમની કક્ષાએ બેઠકો યોજી હતી. ૨૪મી સુધીની આખરી મુદત છે ત્યાં સુધીમાં આ ૯૯ સંચાલકો દ્વારા ફી ઘટાડવાનો યોગ્ય નિર્ણય નહિ લેવાય તો પછી સરકાર જે ફીનું ધોરણ નિયત કરશે તે ફી આ સંચાલકોએ વસુલવાની રહેશે.

આગામી એક-બે દિવસમાં બધી જ પરિસ્થિતિ ક્લીયર થઈ જશે તેમ શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે.





પાટનગરનો ઝળહળાટ - વાયબ્રન્ટ સમિટ જેવો જ ઝગમગાટ શહેરના રાજમાર્ગો પર અનુભવાય છે... પાટનગરનો દરજ્જો ભોગવતું ગાંધીનગર વર્ષમાં ચાર વખત ઝળહળી ઉઠે છે... વાયબ્રન્ટ અને આફ્રિકન ડેવલપમેન્ટ બેંકની મીટીંગ, બંને યાદગાર પ્રસંગો ૨૦૧૭ના વર્ષમાં શહેરના જનમાનસ પર અંકિત રહેશે... અદ્દભૂત રોશની દ્વારા વિદેશી મહેમાનોનું સ્વાગત કરવાની પાટનગરની પરંપરા સોમવાર સાંજથી નગરજીવનને સ્પર્શી રહી છે... નગરવાસીઓ મોટી સંખ્યામાં રોશની નિહાળવા માર્ગો-રાજમાર્ગો પર નીકળ્યા હતા...




વિદેશી મહેમાનોનું આગમન - મહાત્મા મંદિર ખાતે આરંભાઈ રહેલ આફ્રિકન ડેવલપમેન્ટ બેંકની પરિષદમાં હાજરી આપવા આવી રહેલા મહેમાનોનું ગુજરાત સરકાર વતી આદરપૂર્વક સ્વાગત કરાયું હતું...

# મનપા વિસ્તારનો કન્સ્ટ્રક્શન વેસ્ટ અમદાવાદ લઈ જવાશે

## મનપાએ આ માટે અમદાવાદની એજન્સી સાથે ૩ વર્ષનો એમ.ઓ.યુ. કર્યો છે : દૈનિક ૧૦ ટન કન્સ્ટ્રક્શન વેસ્ટ ગાંધીનગરમાં નિર્માણ થાય છે : સ્થાયી સમિતિએ આજે દરખાસ્તને મંજૂર કરી

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરમાં દૈનિક ૧૦ ટન કન્સ્ટ્રક્શન વેસ્ટનો કચરો નિર્માણ થતો હોઈ તેના નિકાલ માટે અમદાવાદની મ્યુનિ. કોર્પોરેશનનું કામ કરતી એન્વાયરો પ્રોજેક્ટ્સ પ્રા.લિ. સાથે મનપાએ કરેલા એમ.ઓ.યુ.ને આજે સ્થાયી સમિતિએ બહાલી આપી છે. જેથી હવે કન્સ્ટ્રક્શન વેસ્ટ અમદાવાદ લઈ જઈ રિસાયકલ કરવામાં આવશે.

ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિની આજે મળેલ બેઠકમાં આ કન્સ્ટ્રક્શન વેસ્ટના નિકાલ પર સારી એવી સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં ચર્ચાઓ થઈ હતી. ચર્ચાને અંતે એમ.ઓ.યુ.ને બહાલી આપી અને તેની વસુલી માટેના દર નિયત કરવાની સત્તા મ્યુનિ. કમિશનરને આપવામાં આવી છે.

મ્યુનિ. કમિશનર તરફથી રજુ થયેલ દરખાસ્ત મુજબ કોઈ એક સાઈટ પર આ વેસ્ટનું કલેક્શન કરી અમદાવાદની આ એજન્સીને મોકલી આપવામાં આવશે. જેમાં વેસ્ટ મોકલવાનો ટ્રાન્સપોર્ટેશન ખર્ચ મનપા ઉઠાવશે.

સ્થાયી સમિતિના ચેરમેને જણાવ્યુ હતુ કે કન્સ્ટ્રક્શન અંગેના પ્લાન અને નકશા અંદાજોને બહાલી આપતી વેળાએ જ અરજદાર

● અનુસંધાન પાન-૭ પર

## મનપા સ્થાયી સમિતિની બેઠકમાં ૩ દરખાસ્તો પસાર

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર મહાનગરપાલિકા સ્થાયી સમિતિએ આજે જાહેર શૌચાલયોના બ્લોક અને મોબાઈલ ટોયલેટવાનની જાળવણી (ઓપરેશન એન્ડ મેઈનટેનન્સ) કરવા માટેના સાધનો, મેનપાવર તેમજ ઈલે. સમારકામ સહિતનું કામ પુરૂ પાડવા માટેના ટેન્ડરને બહાલી આપી છે.

મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની આજે મળેલ બેઠકમાં ૩ દરખાસ્તોને બહાલી આપવામાં આવી હતી.

આજની આ બેઠકમાં મનપા વિસ્તારમાં આવેલ મનપાની મિલ્કતો પર સિક્યોરીટી ગાર્ડના જવાનો પુરા પાડવા માટેની એજન્સીની મુદત ૩૧-૭-૧૭ સુધી લંબાવવામાં આવી છે તેમજ આ મુદત વધારા સુધીમાં નવી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવા માટે કમિશનરને સૂચવવામાં આવ્યું છે.

# આજે ગુજકેટનું પરિણામ

## પરિણામ વેબસાઇટ પર જાહેર થશે : માર્કશીટ પણ આજે મળી જાય તેવું આયોજન

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તા. ૧૦મી મેના રોજ લેવાયેલી ગુજકેટની પરીક્ષાનું પરિણામ આવતીકાલે તા. ૨૩મી મેના રોજ સવારે આઠ વાગ્યે વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે. વિદ્યાર્થીઓને ગુજકેટની માર્કશીટ પરિણામના દિવસે જ મળી જાય તેવું આયોજન બોર્ડ દ્વારા કરાયું છે. બોર્ડ દ્વારા ડિગ્રી એન્જિનીયરીંગ અને ડિગ્રી-ડિપ્લોમા ફાર્મસીમાં પ્રવેશ માટે લેવાયેલી ગુજકેટની પરીક્ષામાં સમગ્ર રાજયમાંથી ૧.૩૪ લાખ જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગુજકેટની પરીક્ષામાં કેમેસ્ટ્રી-ફિઝિક્સમાં ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને પરિણામ પહેલાં જ એક માર્ક તો મળી ગયો છે.

● અનુસંધાન પાન-૭ પર

# ધોરણ-૧૦નું પરિણામ ૨૯મીએ જાહેર કરાશે

## સંસ્કૃત પ્રથમાનું પરિણામ પણ એ જ દિવસે જાહેર કરાશે પરિણામના દિવસે જ વિદ્યાર્થીઓને માર્કશીટ આપી દેવાશે

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તા. ૧૫મી માર્ચથી તા. ૨૫મી માર્ચ દરમ્યાન લેવાયેલી ધોરણ-૧૦ની પરીક્ષાનું પરિણામ તા. ૨૯મી મે ના રોજ જાહેર કરવામાં આવશે. ધોરણ-૧૦નું પરિણામ વેબસાઇટની સાથે સાથે માર્કશીટ મારફતે એ જ દિવસે મળી જાય તેવું આયોજન બોર્ડ દ્વારા કરાયું છે. ધોરણ-૧૦ની પરીક્ષામાં આ વખતે વિક્રમજનક ૧૧.૦૨ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જેઓનું પરિણામ આગામી સોમવારે જાહેર કરાશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો-૧૦ના પરિણામની તારીખની સત્તાવાર જાહેરાત કરાઈ છે, જે મુજબ, ધો-૧૦નું પરિણામ તા. ૨૯મી મેના રોજ સવારે આઠ વાગ્યે બોર્ડની સત્તાવાર વેબસાઈટ પર જાહેર કરી દેવાશે. વિદ્યાર્થી પોતાના બેઠક નંબર દ્વારા બોર્ડનું પરિણામ જોઇ શકે તેવી વ્યવસ્થા કરાઈ છે. ધોરણ-૧૦ના પરિણામની સાથે સાથે સંસ્કૃત પ્રથમાનું પરિણામ પણ જાહેર કરવામાં આવશે. ધોરણ-૧૦ના પરિણામના દિવસે બોર્ડ દ્વારા રાજયના તમામ જિલ્લાઓમાં માર્કશીટ મોકલી દેવાશે. જેથી સ્કૂલો જિલ્લાના વિતરણ કેન્દ્રો પરથી સવારે ૧૧-૦૦ વાગ્યાથી બપોરના ૪-૦૦ વાગ્યા દરમ્યાન માર્કશીટ મેળવી શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આમ, ધોરણ-૧૦ ના વિદ્યાર્થીઓને પરિણામના દિવસે જ માર્કશીટ પણ મળી જાય તેવું આયોજન બોર્ડ દ્વારા કરાયું છે.

# ખરીફ વાવણીની કામગીરી આરંભતા ખેડૂતો

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં ખરીફ પાકોના વાવેતરનો ધીમી ગતિએ પ્રારંભ થયો છે. ગઈકાલે પ્રિ.મોન્સુન એક્ટીવીટીના ભાગરૂપે થયેલા વરસાદ પછી ખેડૂતો હવે વાવણી તરફ વળ્યા છે.

આમ તો અખાત્રીજના દિવસથી ખેડૂતો દ્વારા વાવણીની તૈયારીઓ શરૂ થઈ જતી હોય છે. જેથી વરાપ પુરતા પ્રમાણમાં મળી રહે.

આ વખતે એકધારી ગરમીના પ્રકોપ હોવાને કારણે ખેડૂતોએ ખરીફ વાવણીનો પ્રારંભ ધીમી ગતિએ કર્યો છે. ગઈકાલે થયેલા વરસાદથી જમીન થોડીક ભીની થતાં ખેડૂતોએ પ્રારંભિક વાવણીની કામગીરીનો પ્રારંભ કરી દીધો છે.

જે હવે પછીના સપ્તાહમાં વધુ વેગથી આગળ વધશે. જિલ્લામાં ૬૦ હજાર હેક્ટરથી વધુ વિસ્તારમાં વાવેતર થવાના અંદાજો છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં ચોમાસા દરમ્યાન ડેન્ગ્યુ થવાનો ભય વધુ વર્તાય છે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરમાં આગામી ચોમાસા દરમ્યાન ડેન્ગ્યુના કેસ વધુ જોવા મળે તેવો ભય શહેરના આરોગ્યતંત્ર દ્વારા વ્યક્ત કરવામાં આવેલ છે.

શહેર માટે આઈડીએસપીનો એક્શન પ્લાન તૈયાર કરવામાં આવી રહ્યો છે તેમાં આ ભય વ્યક્ત કરવામાં આવ્યો છે.

રાજ્ય સરકારે મેલેરિયા નાબુદી અભિયાનનો પ્રારંભ કર્યો છે તેનો ફાયદો ચોક્સ થશે પરંતુ ડેન્ગ્યુના મચ્છરોના ઈંડા ત્રણ વર્ષ સુધી જીવીત રહેતા હોવાને કારણે આ ભય રહેલો છે.

મળતી વિગતો પ્રમાણે આ વખતે મચ્છરોના ઉત્પત્તિ કેન્દ્રોના સંપૂર્ણ નાશ પર ભાર મુકવામાં આવશે.

તંત્રએ શહેરી વિસ્તારોમાં પક્ષીકુંજ, ટાયરો વગેરેમાંથી ડેન્ગ્યુના બ્રિડીંગ મળતા હોવાનો એકરાર કર્યો છે અને એટલે જ લોકોને પક્ષીકુંજની નિયમિત સફાઈ કરી તડકે સૂકવવાની

● અનુસંધાન પાન-૭ પર



નાણામંત્રી વિદેશી મહેમાનો સાથે - આફ્રિકન ડેવલપમેન્ટ બેંકની પરિષદમાં હાજરી આપવા પધારેલા આફ્રિકન દેશોના પદાધિકારીઓ અને પ્રતિનિધિઓ સાથે કેન્દ્રીય નાણામંત્રી અરૂણ જેટલીએ કેટલીક મહત્વની ચર્ચાઓ કરી હતી...

# ભારત-આફ્રિકા વિશ્વના ભાવિને ઘડી શકે : જેટલી

ગાંધીનગર, તા. ૨૨

કેન્દ્રીય નાણા અને કોર્પોરેટ બાબતોના મંત્રી અરૂણ જેટલીએ જણાવ્યું હતું કે, આફ્રિકન ડેવલપમેન્ટ બેંકની વાર્ષિક બેઠક આ વર્ષે ભારતમાં યોજાઈ રહી છે. તે ભારત આફ્રિકા સંબંધોમાં નવા અધ્યાયનો નિર્દેશ કરે છે. તેમણે ઉમેર્યું કે ભારત આફ્રિકા સંયુક્તપણે વિશ્વના ભવિષ્યને આકાર આપી શકે છે. જેટલી ગાંધીનગરના મહાત્મા ગાંધી મંદિર ખાતે આફ્રિકન ડેવલપમેન્ટ બેંકના વાર્ષિક બેઠકના શુભારંભ સત્રને સંબોધી રહ્યા હતા. આ સત્રની થીમ આઈ-૫ નીતિને વધારવા માટે આફ્રિકા ઈન્ડિયા સહભાગિતા હતી. જેટલીએ કહ્યું કે, અમારી પ્રતિબદ્ધતા આફ્રિકા સાથે ઉચ્ચસ્તરીય આદાન પ્રદાનમાં પ્રતિબિંબિત થાય છે. જે આ પહેલા આટલા મોટા પાયે ક્યારેય જોવા મળી નહોતી.

આફ્રિકન ડેવલપમેન્ટ બેંકની વાર્ષિક સામાન્ય સભા-૨૦૧૭નું આયોજન ૨૨થી ૨૫મી મે દરમિયાન મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે. સામાન્ય સભાના પ્રથમ દિવસે આફ્રિકા-ઈન્ડિયા કો-ઓપરેશન-૨૦૧૭ અંતર્ગત ટ્રેડ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ વિષયક પરિસંવાદ યોજાયો હતો.


CENTRAL UNIVERSITY OF GUJARAT
SECTOR-29, GANDHINAGAR-382030
RECRUITMENT ADVERTISEMENT NO.3/2017-18
F.No.16-5/2015 -Admn. 19th May, 2017
Central University of Gujarat invites applications on **contractual basis** from eligible candidates for the post of one **Multi-tasking Clerk cum Computer Operator on consolidated remuneration of Rs. 20,000/-per month.** The candidate must be a graduate, capable of handling correspondence independently in English and Hindi/Sindhi. Candidates having working knowledge of Sindhi Language will be preferred. Eligible candidates can submit their application along with self-attested copies of certificates to the **Hon. Director, Centre for Sindhi Language and Literature,** Central University of Gujarat, Sector-29, Gandhinagar-382030 by **9th June, 2017** through Speed-post/Courier.
Registrar

MCZ MAHI COMMERCE ZONE DASHRATH KHER Mo.99091 58901
MAHI COMMERCE ZONE
SINCE 2007 A.C.Class
STD 11-12 Eng. Medium For Expert Faculty by C.A./C.S Teaching .
"Congratulation to all Shining Stars of MAHI COMMERCE ZONE"
1st STAT 100 A/C 99 Eco 99 B.A. 99 95.71% Vidhi Suthar R.G.School
2nd STAT 100 A/C 97 Eco 98 B.A. 97 95.57% Riya Nayak R.G.School
3rd STAT 98 A/C 94 Eco 91 B.A. 99 91.71% Janvi Chavda R.C.School
1st STAT 88 A/C 88 Eco 95 B.A. 94 90.43% Kanisha Rathod R.G.School (Class)
1st STAT 99 A/C 87 Eco 90 B.A. 83 86.71% Mansi Patel Gurukul
1st Eco 89 B.A. 86 92.86% Mihir Shah Omkar Internation
2nd STAT 97 A/C 88 Eco 84 81.57% Mansi Thakkar Gurukul
4th STAT 80 A/C 88 Eco 88 80.14% Drashti Parmar R.G.School (Class)
• બધા જ વિષયો • અર્થશાસ્ત્ર ધો.12ની રંગીન બુક
• CCTV કેમેરા • MCQ ક્વિઝ તથા પેપર જનરેટ એપ
શ્રેષ્ઠ પરિણામ મેળવનારને રૂા. 50,000/-નું રોકડ ઈનામ
DASHRATHSIR - 99091 58901
BRANCH
SECTOR-2C, Plot No. 737/1, Nr. GH-1½, Opp. Andhra Bank.
SECTOR-5, Plot No. 1683/1, B/h. MRF Tyre Showroom.
SECTOR-24, Opp. Capital Sports, Nr. Dr. Rashmin Prajapati Clinic
www.gandhinagarcommerceclasses.net

"સંસ્કૃતિ" સંસ્થા, ગાંધીનગર
(૧) વર્ષમાં પાંચ ઉત્તમ કાર્યક્રમ- ચાર ફિલ્મ સંગીત પર આધારિત અને એક હાસ્ય રસનો કાર્યક્રમ
(૨) શક્ય બને તો વિશેષ એક કાર્યક્રમ આપવાની સંસ્થાની નિષ્ઠાભરી ઈચ્છા. ગત વર્ષે છ કાર્યક્રમો અપાયા હતા.
(૩) સર્વને પોષાય તેવી સભ્ય ફી.
(૪) સાત્વિક અને છતાંય રાજી થવાય તેવું મનોરંજન આપતી સંસ્થા.
૨૦૧૭-૧૮ ના વર્ષનું સભ્યપદ મેળવીને આ કાર્યક્રમમાં પણ સામેલ થઈ શકો છો.
'સંસ્કૃતિ' સંસ્થા, ગાંધીનગરના ઉપક્રમે અને સુરીલી સાંજ-રાજેશ વૈશ્નવ-ભાવનગર પ્રસ્તુત હિન્દી સિનેમાના ફિલ્મ 'બાબુલ' થી 'રામ રતન ધન પાયો' સુધીના સદાબહાર સમુહ(Chorus) ગીતોની રજુઆત
'મૌસમ બીતા જાય'
તારીખ: ૧૦મી જુન, ૨૦૧૭, શનિવાર | સમય: રાત્રે ૯-૧૫ | સ્થળ: ટાઉન હોલ, ગાંધીનગર
સૌથી ઓછી સભ્ય ફી કપલ દીઠ રૂા.૧૨૦૦/- (વાર્ષિક) વ્યક્તિગત રૂા.૭૦૦/- (વાર્ષિક)
રાજેશ વૈશ્નવ, હિરેન વૈશ્નવ, હારિત ધોળકિયા, અનિરૂદ્ધ કાપડી, સંગતી મહેતા, ભૂમિ મહેતા, માધુરી વૈશ્નવ, સુરભી પરમાર
સભ્યપદ માટેનાં ફોર્મ મેળવવા તથા ફી સાથે પરત કરવા સંપર્ક :
(૧) શ્રી મેહુલ પટેલ, કેપિટલ ઓફસેટ, ૬૦૩, છઠ્ઠે માળ, હવેલી આર્કેડ, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, છઠ્ઠે માળ, ફોન:૨૩૨૪૩૬૨૩
(૨) શ્રી મનોજ જોષી, લિપિ ગ્રાફિક્સ, સ્કાય વ્યુ કોમ્પલેક્ષ, ૧૭-૨૨ સ્ટેન્ડ પાસે, સેક્ટર-૨૨ (મો.) ૯૮૨૫૪૪૭૭૩૩
(૩) સેક્ટર-૨ ડો. રાજેશ શાહ (મો.) ૯૯૨૫૦ ૦૮૬૩૦
(૪) નવા સચિવાલય : શ્રી કલ્પેશ ભટ્ટ (મો) ૯૮૨૫૪ ૦૯૦૦૪ શ્રી પરાગ શુક્લ (મો) ૯૯૭૮૪૦૫૯૪૩ શ્રી ગગુભા રાજ (મો.) ૯૮૨૪૦૬૫૦૯૪
(૫) જૂના સચિવાલય : શ્રી દિનેશ ચૌહાણ (મો) ૯૯૭૮૪૪૦૧૨૬ શ્રી રસિક લિંબાચિયા (મો) ૯૬૨૪૯૧૯૧૯૭
(૬) વાવોલ : શ્રી મુકેશ મહેતા (મો) ૯૪૨૬૬૮૨૧૬૬ શ્રીમતી પ્રીતિ મહેતા (મો)૭૦૪૮૮૫૫૬૩૭
(૭) ગુજરાત વિદ્યુત બોર્ડ : શ્રીમતી પરમજીત કૌર (મો) ૯૪૨૮૧૫૧૪૩૬
(૮) સેક્ટર-૨૦ સુશ્રી ચેતના બુચ (મો) ૯૮૨૫૮૧૬૦૧૮
(૯) સેક્ટર-૭ શ્રીમતી આરતી ભટ્ટ (મો.) ૯૯૨૫૦૯૦૦૭૮
(૧૦) સેક્ટર-૮ પ્રા. ડો.લીના રાણા (મો.) ૯૪૨૭૦૪૯૦૪૭
આવો... આજે જ સભ્યપદે નોંધાઇને બાલિત્યસભર કાર્યક્રમોનો આનંદ લૂંટો...
મનોજ શુક્લ મંત્રી ૯૮૨૫૮૭૯૫૨૯ રમેશ પટેલ પ્રમુખ ૯૮૨૫૦૩૮૩૭૮ (કેપિટલ ઓફસેટ)
સૌજન્ય : કેપિટલ ઓફસેટ, જી.આઈ.ડી.સી. સેક્ટર-૨૮, ગાંધીનગર. કેપિટલ ઓફસેટ, ૬૦૩-૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com